## શ્રી જૈન સાહિત્ય અકાદમી ટ્રસ્ટ,મુંબઈ.

### વ્યાખ્યાનમાળા - ૨૦૨૨/૨૩

## જૈન ધર્મના વૈજ્ઞાનિક સત્યો/તથ્યો અને તેનું વ્યવહારિક જીવનમાં અનુસરણ

### વ્યાખ્યાન-૯

## મંત્ર અને યંત્ર : વૈજ્ઞાનિક લાક્ષણિકતા અને વિશ્લેષણ -૧

**વ્યાખ્યાતા- આચાર્ય  શ્રી નંદિઘોષસૂરીજી મહારાજ**

**તારીખ – ૧૦/૦૨/૨૦૨૩**

એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોલોજી બંને એકબીજા સાથે જોડાયેલા છે એસ્ટ્રોલોજી ની અંદર બે વિભાગ આવે છે એક ગણિત વિભાગ અને બીજો ફળ કથનનો વિભાગ આવે છે. ફળ કથન એ આપણા માટે એટલે કે સંસારી જીવો માટે બહુ મહત્વની વસ્તુ છે. ફળ કથન દ્વારા જ મોટાભાગના મનુષ્ય પોતાના ભવિષ્યને જાણવાની જિજ્ઞાસા આશા હોય છે અને આ જીજ્ઞાસા એસ્ટ્રોલોજી એટલે કે જ્યોતિષશાસ્ત્ર દ્વારા પૂરી કરવામાં આવે છે. ફળકથન માટે જન્મ કુંડળી એટલે કે વ્યક્તિના જન્મ સમયે આકાશમાં રહેલા ગ્રહોની સ્થિતિ દર્શાવતું એક નકશો છે અને એ સ્થિતિ અનુસાર એને આ ભવમાં પૂર્વ જન્મમાં કરેલા શુભ અશુભ કર્મોનું ફળ મળે છે. ગ્રહો એ ઇન્ડિકેટર છે, સૂચક છે. ગ્રહો કઈ કરતા નથી એવું જૈન દર્શન માને છે અને પશ્ચિમના જ્યોતિષ શાસ્ત્રીઓ પણ માને છે એટલે આ રીતે ગ્રહો દ્વારા આપણા અશુભ કર્મોના જે ઉદય ની પરિસ્થિતિ આપણને જાણવા મળે છે. તો એ પરિસ્થિતિમાં શું ધર્મ આરાધના કરવી જોઈએ અને એ દ્વારા પૂર્વમાં બાંધેલા જે અશુભ  કર્મ છે એ દૂર થઈ શકે છે.

ભગવદગીતામાં પણ કહેવામાં આવ્યું છે કર્મણ્યે વાધીકારસ્તે માં ફલેષુ કદાચન અર્થાત તું કર્મ કરતો જા, કાર્ય કરતો જા ફળની આશા રાખીશ નહીં, એવું કહેવામાં આવ્યું છે. બીજું એમ પણ કહેવામાં આવ્યું છે કે કરેલ જે કર્મ છે એનું ફળ અવશ્ય મળે છે. આ લોકોમાં સામાન્ય

રીતે પ્રસિદ્ધ છે પરંતુ જૈન દર્શન આ વાતને સ્વીકારતું નથી પણ આ વાત ઉપલક રીતે સાચી છે કે કરેલા કર્મોનું ફળ ભોગવવું જ પડે છે પણ બંધની અપેક્ષાએ કર્મોના ચાર પ્રકાર બતાવવામાં આવ્યા છે સુષ્ટ કર્મ,બદ્ધ કર્મ, નીદગ્ધ કર્મ અને નિકાચિત કર્મ. પ્રથમ જે ત્રણ કર્મો છે, એની તીવ્રતા ઓછી હોય છે અને એ કર્મો આપણી આત્માની સાથે એવી રીતે જોડાયેલા હોય છે કે એ સામાન્ય કે વિશેષ પ્રકારે ધર્મ આરાધના કરવાથી તેની નિર્જરા થઈ શકે છે. સુષ્ટ કર્મ માટે ઉદાહરણ આપવામાં આવ્યું છે કે સોયના ઢગલામાં સોય હોય અને સોયનો ઉપયોગ કરવો હોય તો જલ્દીથી સોય લઈ અને એનો ઉપયોગ કરી શકાય છે. સુષ્ટ કર્મ અજાણતા કોઈ પાપ થયું હોય, એના દ્વારા આત્માને જે કર્મ લાગે છે એને કહેવાય છે. આવા કર્મને સામાન્ય રીતે ગુરુ ભગવંતો પાસે એનું નિવેદન કરવામાં આવે એનો સ્વીકાર કરવામાં આવે તો પણ એની નિર્જરા થઈ શકે છે. આ કર્મો ને ભોગવ્યા વગર પણ એની નિર્જરા થઈ શકે છે. આ પ્રકારે બદ્ધ કર્મ પણ સુષ્ટ કર્મો કરતાં વધારે તીવ્રતા વાળું હોય છે, એમાં થોડોક વધારે રસ હોય છે. એનું દ્રષ્ટાંત જોઈએ તો જે સોય છે એનું એક પડીકું વાળી દેવામાં આવે એના ઉપર દોરો બાંધી દેવામાં આવે અને કોઈ જગ્યાએ મૂકી દેવામાં આવે. એ પડીકામાંથી સોયનો ઉપયોગ કરવો હોય ત્યારે એ પડીકાનો દોરો છોડવો પડે, પડીકું ખોલવું પડે અને પછી એ સોય લઈ એનો ઉપયોગ કરી શકાય છે. આ રીતે આ બધા કર્મમાં આપણને કોઈક રીતે જાણી જોઈને નહીં પણ કોઈક એવા સંજોગોના કારણે ગયું હોય, પાપ કર્મ થઈ ગયું હોય, અનિવાર્ય સંજોગોના કારણે થઈ ગયું હોય, તો એને ગુરુભગવંતો સામે નિવેદન કરી, પ્રાયશ્ચિત લેવાથી સામાયિક વગેરે ધર્મક્રિયા કરવાથી આત્મામાંથી છૂટું પડી શકે છે, એ કર્મની નિર્જરા થઈ શકે છે. આ રીતે બધા કર્મ પણ આત્મા માં ભોગવ્યા વગર પણ છૂટા પડી શકે છે, એની નિર્જરા થઈ શકે છે. એવી રીતે નીદગ્ધ કર્મ છે. એ બધા કર્મ કરતા એની તીવ્રતા વધારે છે અને એ કર્મ જાણી જોઈને કરવામાં આવે છે. સમજપૂર્વક અશુભ કર્મ કરવામાં આવે છે. આ કર્મ બંધ થાય છે એ નિદગ્ધ પ્રકારનું હોય છે. એની અંદર રસ તીવ્રતા નિકાચિત કર્મની કરતા ઘણી ઓછી હોય છે. આવું કર્મ છે તેનું ગુરુ ભગવંતો સમક્ષ નિવેદન કર્યા પછી એમના દ્વારા અપાયેલું જે પ્રાયશ્ચિત છે, સ્વાધ્યાય, ધર્મ વગેરે તપ જપ કરવાથી એ નીદગ્ધ

કર્મ દૂર કરી શકાય છે. આ પૂર્વ ભવમાં કરેલા શુષ્ઠ બદ્ધ નિદગ્ધ કર્મ ભોગવ્યા વગર પણ આત્મા માંથી અલગ થઈ શકે છે, નિર્જરા થઈ શકે છે.

આ પ્રકારના ત્રણ કર્મો હોય છે, એનું આપણા જન્મ કુંડળી થી સૂચન થતું હોય તો એને દૂર કરવા માટે શાસ્ત્રકાર ભગવન્તો એ યાકીની મહ્તરા વગેરે મહાપુરુષો દ્વારા જે કોઈ મંત્ર જાપ વગેરે આપ્યા હોય, ગ્રહો સંબંધે નમસ્કાર મહામંત્ર વગેરે જાપ દ્વારા દૂર થઈ શકે છે. એટલે આ એસ્ટ્રોલોજી વિષય સાથે એના અનુસંધાનમાં આ મંત્ર યંત્ર અને જાપ  વિષય લેવામાં આવ્યો છે. નીકાચિત કર્મને  અવશ્ય ભોગવવું જ પડે છે. આમ છતાં જપ તપ વગેરે ક્રિયાઓ કરવાથી નિકાચિત કર્મના જે રસ છે, જે તીવ્રતા છે એ ઓછી  થઈ શકે છે. મંત્ર યંત્ર અને જાપ દ્વારા છે અશુભ કર્મો છે પૂર્વ ભવના એના નિવારણ કરવા માટે અથવા તો એની તીવ્રતા ઘટાડવા માટે ઉપયોગી બને છે. એટલે અહીં મંત્ર અને યંત્ર દ્વારા એનું વૈજ્ઞાનિક મહત્વ બતાવવામાં આવ્યું છે.

અહીં યંત્ર બતાવવામાં આવ્યું છે. પ્રથમ સ્તુતિ સ્રોત્ર અને જાપ ત્રણ વસ્તુ પહેલા બતાવી છે. મંત્ર અને યંત્રની ત્રણ પરંપરાઓ છે હિન્દુ, બૌદ્ધ અને જૈન ભારતની અંદર છે. આ ત્રણેય પરંપરામાં મંત્ર અને યંત્ર આવેલા છે. જૈન પરંપરા ની અંદર ચૌદ પૂર્વ માથી  નવુંમું જે પૂર્વ છે એ આખું મંત્ર યંત્ર થી ભરેલું હતું. આ રીતે જોઈને પરંપરામાં મંત્ર અને યંત્રનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. અહી  સૂર્ય મંત્ર નો પટ બતાવવામાં આવે છે અને બીજું શ્રી યંત્ર છે.  યંત્ર એ શું છે તો આપણે જે યંત્ર બોલીએ છીએ  એ મંત્રનો જે ધ્વનિ છે એનું આકૃતિ સ્વરૂપ ચિત્ર છે. દરેક યંત્રની સાથે મંત્ર જોડાયેલું છે. આ રીતે યંત્ર અને મંત્ર એકબીજા સાથે કનેક્ટેડ છે. યંત્ર એ શરીર છે તો મંત્ર એનો આત્મા છે. કદાચ  કોઈ યંત્રની સાથે મંત્ર ના દર્શાવ્યો હોય એનું કોઈ વાંધો નથી કારણ કે યંત્ર એ મંત્રનું આકૃતિ સ્વરૂપ જ છે એટલે બંને વસ્તુ એક જ છે. કદાચ યંત્રની અંદર શબ્દો ના લખ્યા હોય કરે છે તો પણ એ મંત્રો નું પ્રતિનિધિત્વ કરે છે અને યંત્રો ઘણા બધા આવે છે એટલે કયું યંત્ર કયા મંત્રનું એ દર્શાવતું એ યંત્રની અંદર મંત્ર પણ લખવામાં આવે છે. આ રીતે યંત્ર અને મંત્ર એકબીજા સાથે કનેક્ટેડ

છે. અહીં જે મંત્ર બતાવવામાં આવ્યો છે ઓમ નમો ભગવો ગુરુ વયમ.... આ મંત્ર ગૌતમ સ્વામી ભગવાનનું છે. એની સાથે એનું યંત્ર પણ આવે છે એટલે દરેક યંત્રની સાથે મંત્ર અવશ્ય પડેલ સંકળાયેલું હોય છે આપણને એ યંત્રની ખબર હોય કે ના હોય એ કોઈ મેટર કરતું નથી. કારણ કે યંત્ર અને મંત્રો એકબીજા સાથે જોડાયેલા છે.

અહીં ગૌતમ સ્વામી ભગવાનનું યંત્ર બતાવવામાં આવ્યું છે. એની અંદર મૂળ મંત્ર વચ્ચે ચાર ચાર લાઈનની અંદર બતાવ્યો છે. કોઈપણ મંત્રની અંદર બે વિભાગ હોય છે. એક વિભાગ નમસ્કાર નું હોય છે અને બીજો વિભાગ એના ફળકથનનું હોય છે અને આ બંને વસ્તુ ભેગી થાય તો જ મંત્ર સંપૂર્ણ બને છે. ખાલી નમસ્કાર હોય તો મંત્ર અધુરો ગણાય છે અને ખાલી ફળ બતાવ્યું હોય તો પણ એ અધૂરો ગણાય છે. એ કોના નમસ્કાર ઉપર છે એ ખબર પડતી નથી માટે કોઈપણ અધિષ્ઠાયક દેવ દેવી તીર્થંકર પરમાત્મા કે ગૌતમ સ્વામી ભગવાન વગેરે જે પોતાના ઇષ્ટદેવ છે એમને નમસ્કાર કરવામાં આવે છે. એ પછી એ નમસ્કાર નું શું ફળ છે એ પણ સ્વરૂપ એનું ઉત્તરાર્ધ છે. એ રીતે અહીં ગૌતમ સ્વામીના યંત્ર દ્વારા ‘ઓમ હ્રી નમો ભગવઓ ગોયમસ્સ સિદ્ધસ્સ,બુદ્ધસ્સ અખીણ મહાણસ્સ લબ્ધિ સંપન્ન્સ ભગવન ભાસ્કરી’ ત્યાં સુધી નો મંત્ર જે છે એ ગૌતમ સ્વામીનો નમસ્કાર સ્વરૂપ છે. એ પછી એનું ફળ શું તો એ આગળ બતાવવામાં આવ્યું છે ‘આનય આનય મમ ગૃહે ઋદ્ધિ વૃદ્ધિ સંપતિ કુરુ કુરુ સ્વાહા’ એમાં ભગવાનને કરેલા નમસ્કાર નું ફળ બતાવવામાં આવ્યું છે અને આ રીતે એ ઉત્તરાર્ધ બહુ મહત્વની વસ્તુ છે. ઉત્તરાર્ધ ઓટો સજેશન નું કામ કરે છે અને એ ઉત્તરાર્ધ આપણા મનની અંદર પોઝિટિવ થીંકીંગ આપે છે અને એથી આપણને મંત્રનું ફળ મળે છે મળે છે. એ પ્રમાણે ચિંતન કરવાથી ખરેખર એ ફળ આપણને પ્રાપ્ત થાય છે. તે મંત્રના બંને વિભાગ મહત્વના છે.

નમસ્કાર મહામંત્રમાં પણ જોઈએ તો પહેલા પાંચ પદ જે છે એ પંચ પરમેંષ્ઠીને નમસ્કાર છે અને બાકીના ચાર પદો જે છે એ એ પંચપરમેંષ્ઠી ને કરેલા નમસ્કાર નું ફળ છે એટલે નમસ્કાર મહામંત્ર નો જાપ કરવાથી સર્વે પ્રકારના પાપો નું નાશ થાય છે. આ કર્મોનું નાશ થયા પછી

એનું ફળ ભોગવવાનું રહેતું નથી. આ રીતે નમસ્કાર મંત્ર માં પ્રથમ પાંચ પદમાં નમસ્કાર અને પછીના ચાર પદમાં ફળ કથન છે એટલે આ બંને ભેગા થાય ત્યારે સંપૂર્ણ મંત્ર યંત્ર બને છે.

અહીં એક યંત્ર બતાવવામાં આવ્યું છે. એમાં આંકડાઓ બતાવવામાં આવ્યા છે. યંત્રના બે પ્રકાર છે શબ્દ સ્વરૂપ જે મંત્ર છે એ મંત્રનું પણ યંત્ર હોય છે અને બીજા યંત્ર એવા હોય છે કે જેના ફક્ત આંકડા હોય છે. અહીં કુલ સાત યંત્રો બતાવવામાં આવ્યા છે. પ્રથમ યંત્રના આંકડા નો સરવાળો કરતાં 15 આવે છે એટલે એ યંત્રની પંદરીયા યંત્ર તરીકે ઓળખવામાં આવે છે. એને બ્રાહ્મણ વર્ણોની સંખ્યા આપવામાં આવે છે કારણ કે આ યંત્ર બનાવવાની પણ એક પદ્ધતિ હોય છે. એમાં મુખ્ય આંકડો જે છે એ વચ્ચે લખવામાં આવે છે એ પછી આજુબાજુના આંકડા લખવામાં આવે છે. એ રીતે આ યંત્ર બનાવવાની એક વિશિષ્ટ પદ્ધતિ હોય છે અને એને ગોઠવવાની પણ પદ્ધતિ હોય છે. એટલે રો બદલાય  કે કોલમ બદલાય ત્યારે પણ એ યંત્રનો પ્રભાવ બદલાઈ જાય છે. બીજું યંત્ર છે એ પણ 15 યંત્ર જ છે. પણ આમાં આંકડાની ગોઠવણ જુદા પ્રકારની છે એને ક્ષત્રિય સંજ્ઞા આપવામાં આવી છે. ત્રીજા યંત્રમાં  2 9 4 7 5 3 અને 6 1 8 1 6 હતું નીચેના યંત્ર માં આખી કોલમ બદલાઈ ગઈ છે. યંત્રની વૈશ્ય સંજ્ઞા આપવામાં આવી છે. એ પછીનું જે યંત્ર છે એ એને શુદ્ર સંજ્ઞા આપવામાં આવે છે. આ રીતે કોલમ બદલાય કે રો બદલાય આંકડાની વ્યવસ્થા બદલાય છે ત્યારે ત્યારે એ યંત્રનું પ્રભાવ બદલાઈ જાય છે. આ જે પ્રકારના યંત્રો છે એની અંદર જ્યારે આલેખન કરવાનું હોય ત્યારે વિશિષ્ટ મુહૂર્ત વિશિષ્ટ દિવસ અને વિશિષ્ટ સમય એ ગ્રહણ કરવાનું હોય છે અને સામાન્ય રીતે આ વિદ્યારંભે ગુરુ શ્રેષ્ઠ એવું કહેવામાં આવે છે એટલે મંત્ર વિજ્ઞાન ની અંદર મંત્રનો આલેખન કરવું હોય  યંત્રનું આ લેખન કરવું હોય ત્યારે ગુરૂવાર અને પુષ્ય નક્ષત્ર નો સમય શ્રેષ્ઠ સમય બતાવવામાં આવ્યો છે. એ રીતે રવિવાર અને પુષ્ય નક્ષત્ર એ પણ શ્રેષ્ઠ બતાવવામાં આવ્યું છે. આ બે વારે પુષ્ય નક્ષત્ર હોય. પુષ્ય નક્ષત્ર ચંદ્રનું હોય, સામાન્ય રીતે પુષ્ય નક્ષત્ર ચંદ્રનું આખા મહિનાની અંદર એક વખત આવે છે. તો પુષ્ય નક્ષત્ર આવે ત્યારે

રવિવાર હોય કે ગુરૂવાર હોય તો એ મંત્ર માટે કે વિદ્યા આરંભ કરવા માટે એ શ્રેષ્ઠ બને છે. આ રીતે મંત્ર અને યંત્રનો એસ્ટ્રોલોજી એટલે કે જ્યોતિષશાસ્ત્રની સાથે સંબંધ છે.

આ સાથે બીજા યંત્રો પણ બતાવવામાં આવ્યા છે. પ્રથમ સૂર્ય  યંત્ર છે જ્યોતિષશાસ્ત્રની અંદર સૂર્યને આત્માનો કારક બતાવ્યો છે. જેનો સૂર્ય પાવર ફૂલ હોય એનો આત્મા શક્તિશાળી હોય છે. એટલે કે જન્મકુંડળી ની અંદર સૂર્ય આઠમાં કે બારમા સ્થાનમાં હોય છે. મેષ રાશિમાં ઉચ સૂર્ય હોય છે તો એની સામે તુલા રાશિમાં સૂર્ય નીચમાં  થાય. જે તુલા રાશિમાં સૂર્ય હોય તો એ આઠમી કે બારમેં હોય તો આવો સૂર્ય અશુભ કહેવાય છે એની જે અશુભ અસરો છે, એને દૂર કરવા માટે સૂર્ય યંત્રને વિશિષ્ટ દિવસે ગુરુવારે પુષ્ય નક્ષત્રમાં ભોજપત્ર ઉપર કે કાગળ કે તામ્રપત્ર ઉપર કોતરાવી  એને ધારણ કરવામાં આવે તો સૂર્યની જે અશુભ  અસરો છે એ દૂર થાય છે. બીજું છે યંત્ર છે એ ચંદ્રનું યંત્ર છે, પણ સૂર્યના યંત્ર જેવું જ છે ફક્ત સૂર્યની અંદર જે આંકડા લખવામાં આવ્યા છે એ આંકડા ની અંદર એક એક આંકડો ઉમેરી દેવામાં આવ્યો છે. એટલે સૂર્યના અંક કરતા ચંદ્ર ના અંક માં ત્રણ અંકો વધારે છે. સૂર્ય યંત્ર 15 યુ છે. તો ચંદ્રનું યંત્ર 18 છે. ચંદ્રમા આકાશમાં રહેલા ગ્રહોની જે સિક્વન્સ છે, એ અનુક્રમ પ્રમાણે આ યંત્રમાં  આંકડા ઉમેરવામાં આવ્યા છે એની પછીના ગ્રહોના યંત્ર બને છે. ચંદ્રના યંત્રની અંદર એક આંકડો એક એક આંકડો ઉમેરવામાં આવે તો મંગળનો યંત્ર બને છે, મંગળના યંત્રની જો અંદર એક એક આંકડો ઉમેરવામાં આવે તો બુધનું યંત્ર બને છે, એની અંદર એક એક આંકડો ઉમેરવામાં આવે તો ગુરુ નું યંત્ર બને  આ રીતે રાહુ અને કેતુ સહિતના યંત્રો બને છે.  આ રીતે યંત્રોના જે આંકડા છે એ આપણા ભવિષ્ય ઉપર અસર કરનારા છે. આ ન્યુમોરોલોજીનું એક અંક શાસ્ત્ર આખું એક વિષય છે. યંત્રની અંદર આંકડા પણ લખવામાં આવે છે. વળી યંત્ર બનાવતી વખતે ભોજપત્ર કે  યંત્ર બનાવવામાં આવે ત્યારે એને અષ્ટકંડી લખવામાં આવે છે. આંકડા લખતી વખતે ક્રમ કયો રાખવાનો? સૌથી પહેલો જે નાનો હોય એ લખવાનું હોય છે એ પછી એના કરતાં મોટો યંત્ર બ્રાહ્મણ વર્ણોની સંખ્યા વાળું ૧૫યુ યંત્ર છે  એમાં સૌથી પહેલા એક લખાય એ પછી બે લખાય પછી ત્રણ લખાય પછી ચાર અને પાંચ છ સાત આઠ નવ

તો આ રીતે ચડતા ક્રમે યંત્રની અંદર આંકડા લખવાના હોય છે. અંકશાસ્ત્ર સંબંધી આંકડા યંત્રો પ્રાચીન શાસ્ત્રમાં મંત્ર યંત્રના ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.

ગ્રહોની અસર દૂર કરવા માટે મંત્ર જાપ કરવામાં આવે છે. એ જાપ કઈ રીતે કરવો એના પણ પ્રકાર બતાવવામાં આવ્યા છે અને એ જે પ્રકારો પ્રાચીનકાળના મહાન ઋષિઓએ જે બતાવ્યા છે એ સંપૂર્ણ પણે વૈજ્ઞાનિક છે. અહીં જાપનું મહત્વ  બતાવતો ધર્મ સંગ્રહ નામનો એક ગ્રંથ છે. એમાં બતાવવામાં આવ્યું છે કે પૂજા કોટી સમસ્તોત્રમ....' કોઈપણ તીર્થંકર પરમાત્મા અથવા દેવદેવીની એક કરોડ વખત પૂજા કરો એના એના બરાબર એક વખત સ્તોત્ર નો પાઠ કરો. એક કરોડ વખતની સ્તુતિ કરો એના બરાબરનું એક વખતનું  જપ છે. એક કરોડ વખતનો જપ કરો એના બરાબરનું એક વખતનું ધ્યાન છે અને એક કરોડ વખત ધ્યાન કરો એની બરાબરનું એક વખતનું લય છે. એમાં પૂજાથી માત્ર દ્રવ્ય પૂજાથી રહેવાની છે જો પૂજાની અંદર ભાવ ભળે તો એ ભાવ પૂજા થાય અને એ ભાવપૂજા સંપૂર્ણપણે કર્મનો ક્ષય કરે છે. દાખલા તરીકે તીર્થંકર પરમાત્મા ની રોજ જો આપણે પૂજા કરીએ.આપણા મનમાં એવા કોઈ શુભ ભાવ કે ઉત્કૃષ્ટ ભાવ ના હોય તો એ પૂજા દ્રવ્ય પૂજા કહેવાય છે. આવી દ્રવ્ય પૂજા એક કરોડ વખતની થાય તો એના બરાબર એક વખતનું શુદ્ધ ભાવ પૂજા છે. બાકી પૂજા કરતા કરતા જો ઉત્કુષ્ઠ ભાવ આવી જાય તો પરિણામ આવી જાય તો એને એને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ પણ થઈ શકે છે. દાખલા તરીકે આપણે ત્યાં કલ્પસૂત્રમાં નાગકેતુનું દ્રષ્ટાંત આવે છે. એ દ્રષ્ટાંત એમ બતાવે છે કે તીર્થંકર પરમાત્માની પુષ્પ પૂજા કરતા પણ શુભ ભાવ આવી જાય સર્પ દંશે છે અને એનું ઝેર પણ ચડે છે તે છતાં જરા પણ વ્યાકુળતા આવતી નથી અને તે સમભાવના ધારણ કરે છે. એ સર્પ પ્રત્યે જરા પણ દ્વેષ વૃત્તિ થતી નથી અને જે કંઈ છે એને સમતાભાવથી સહન કરે છે અને એ સહન કરવાથી સમતાભાવ પૂર્વક પુષ્પ પૂજા કરતા કરતા પણ નાગકેતુને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ શ્લોકમાં માત્ર દ્રવ્ય પૂજા લેવાની છે. પ્રભુની સ્તુતિ કરો તો એના બરાબર એક  જપ છે. એક કરોડ વખત નો જાપ કરો એના બરાબર ધ્યાન છે એક કરોડ વખતનું ધ્યાન કરો એના બરાબરનું લય છે. તો ધ્યાન અને લઈ એ બંનેમાં શું તફાવત તો ધ્યાનની અંદર ધ્યાતા,ધ્યેય  અને ધ્યાન ત્રણેય એક જ

રહે છે જ્યારે લયની અંદર અને ધ્યાતા,ધ્યેય  અને ધ્યાન એક જ બની જાય છે એટલે હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે યોગનું મહત્વ શું?  યોગની અંદર ધ્યાન નું મહત્વ એટલે એ આગળ વધે છે ત્યારે તેને લય પ્રાપ્ત થાય છે અને આ લયની અવસ્થાની અંદર ધ્યાતા,ધ્યેય  અને ધ્યાન ત્રણેય એકરૂપ બની જાય છે. તો આ રીતે સ્ત્રોત્ર પૂજા પાઠ જપ ધ્યાન અને લય આ ચારેયનું વિશિષ્ટ મહત્વ બતાવવામાં આવ્યું છે.

અહીં જાપના પ્રકાર બતાવવામાં આવ્યા છે. સામાન્ય રીતે મન જ મનુષ્યના મોક્ષ અને બંધનું કારણ છે એમ કહેવામાં આવ્યું છે. આત્માને જે કર્મો લાગેલા છે એ બંધનું કારણ છે અને એ જ મુક્તિનું કારણ છે આ બંનેમાં મન એ મોટામાં મોટું સાધન છે. સામાન્ય રીતે આપણે એમ કહીએ છીએ મનને આપણે બહુ મહત્વ આપતા નથી. ક્યારેક આપણે એવું કહીએ કે મેં તો માત્ર આવું વિચાર્યું હતું. હું કશું બોલ્યો નથી કે કર્યું નથી. આપણે મનથી જે પાપ થાય છે એ પાપને આપણે મહત્વ આપતા નથી. મોટેભાગે વચનથી આપણાથી કોઈનું ખોટું બોલાઈ જાય ત્યારે પાપ થાય એને મહત્વ અપાય છે અને ક્યારેક કાયાથી કરેલ હોય છે એને મહત્વ આપીએ છીએ. વ્યવહારમાં પણ કાયા થી પાપ ન કર્યું હોય તો એને કોઈ દંડ આપવામાં આવતું નથી. વાણી દ્વારા કોઈનું ખરાબ કર્યું હોય તો પણ કાયાથી કામ કર્યું હોય તો જ એને દંડા આપવામાં આવે છે. વાણીથી કરવામાં આવેલું હોય કોઈ કામ તો એને દંડ આપવામાં આવતું નથી. એની સાથે મનથી કંઈ વિચાર્યું હોય તો પણ એને કોઈ દંડ આપવામાં આવતું નથી વ્યવહાર ની રીતે, પણ કર્મનું ગણિત આખું જ જુદુ છે. કાયાથી કરેલું જે પાપ છે એમાં એનું સૌથી ઓછું ઈમ્પોર્ટન્ટ છે, એની ગણના થાય છે. વચનથી કરેલ જે પાપ છે એ એના કરતાં વધારે ખતરનાક કહેવાય છે અને મનથી કરેલ જે પાપ છે એને એના કરતાં પણ વધારે ખતરનાક કહેવામાં આવે છે. કુમારપાળ મહારાજા ને એક નિયમ હતો તો કાયાથી કોઈ પાપ થઈ જાય તો એકાસણું કરવું વચન થી કોઈ પાપ થઈ જાય તો આયંબીલ કરવું અને મનથી પણ જો કોઈનું અશુભ પાપ થઈ જાય તો ઉપવાસ કરવો. આ રીતે મનથી જે પાપ થાય છે એ સૌથી વધારેમાં વધારે ખતરનાક હોય છે. એટલા માટે જ કહેવામાં આવ્યું કે  મન જ મનુષ્યના મોક્ષ અને બંધનું કારણ છે એટલે મન એ સૌથી મહત્વનું સાધન છે અને જાપની

અંદર મનનું જ વિશેષ મહત્વ છે. એટલે જાપના ત્રણ પ્રકાર બતાવવામાં આવ્યા છે. ભાષ્ય ઉપાંશુ અને માનસ જાપ ધર્મ સંગ્રહની આ ગાથા છે એમાં બતાવવામાં આવ્યું છે કે 100 શબ્દ એટલે કે ભાષ્યજ આપ એ કરતા એટલે કે ઉપાંશુ જાપ એ વધારે શક્તિશાળી છે અને આ ઉપાંશુ જાપ કરતા માનસ જાપ છે એ વધારે શક્તિશાળી છે. આ રીતે મંત્ર જાપ ત્રણ પ્રકારે થાય છે. એમાં માનસ જાપ છે એ સૌથી વધુ શક્તિશાળી છે.

વિજ્ઞાનની રીતે એક કઈ રીતે શક્તિશાળી છે એને હવે જોઈએ.E=nhf  જ્યાં e શક્તિ છે અનેN=૧૨૩ વગેરે પૂર્ણાંક છે આ સૂત્ર ડીબ્રોગલી નામના વૈજ્ઞાનિકે આપેલ છે, દ્રવ્ય તરંગ સંબંધી સૂત્ર છે એમાં બતાવવામાં આવ્યું છે કે ઈ એટલે શક્તિ છે અને એન એટલે કે પૂર્ણાંક છે એચ એ પ્લાન્કનો અચળાંક છે અને એફ છે એ ફ્રિક્વન્સીસ છે. આમાં ફ્રિકવન્સી એ બહુ મહત્વની વસ્તુ છે. જેમ જેમ મંત્ર જાપની ફ્રિકવન્સી વધતી જાય એમ એમ એ વધારે ને વધારે શક્તિશાળી બને છે. આપણે જ્યારે મંત્ર જાપ કરીએ છીએ ભાષ્ય જાપ કરીએ છીએ ત્યારે એમાં ધ્વનિ નો વેગ ફક્ત 300 m પ્રતિ સેકંડહોય છે અને એની કંપ સંખ્યા વીસ  થી લઈને 20,000 સુધીની હોય છે. આ રીતે ધ્વનિ નો વેગ ૩30 સેકન્ડ હોય છે 20,000 કરતા વધુ ફ્રિક્વન્સી હોય તો એને અલ્ટ્રાસોનિક વેવ્ઝ કહેવાય છે અને 20 કરતા ઓછી હોય તો એને ઇન્ટ્રાસોનીક વેવ્ઝ કહેવામાં આવે છે. તો આ રીતે ભાષ્ય જ આપની અંદર 20 થી લઈને 20,000 સુધીની ફ્રિકવન્સી હોય છે જ્યારે ઉપાશું જાપ વેગ ભાષ્ય  જેટલો જ છે, 330 મીટર પર સેકન્ડનો હોય છે પણ એની કંપ સંખ્યા 20,000 કરતાં વધુ હોય છે. ઉપાશું જાપની અંદર જીભ અને હોઠ હલે ખરા પણ  એમાંથી ધ્વનિ પ્રગટ થાય નહીં અને જે અશ્રાવ્ય ધ્વનિ પ્રગટ થાય એ અશ્રાવ્ય ધ્વનિ પ્રગટ થાય એ ધ્વનિની ફ્રિકવન્સી 20 હજાર કરતાં વધારે હોય છે.  એટલે ભાષ્ય જાપ કરતા ઉપાંશુ જાપ વધારે શક્તિશાળી હોય છે. ત્રીજો જાપ આવે છે એ છે. માનસ  જાપનો વેગ ઘણો બધો વધારે હોય છે અને એની કંપન સંખ્યા પણ કલ્પનાતીત હોય છે  કારણ કે એમાં મન જોડાયેલું હોય છે. મનનો વેગ કેટલો? તો સામાન્ય રીતે ભગવતી સૂત્રની અંદર બતાવવામાં આવ્યું છે કે પુદગલ પરમાણુ નો વેગ એક સમયની અંદર 14 રાજ્યોગના નીચેના છેડાથી લઈને છેક ઉપરના છેડા સુધી પુદ્ગલ પરમાણુ પહોંચી જાય છે

અને એક સમયે કાલનો અવિભાજ્ય અંશ છે. કાળનું સૌથી સૂક્ષ્મતમ માપ છે એ સમય છે,સમય કરતા સૂક્ષ્મ કંઈ જ નથી સમયના કોઈ દિવસ બે વિભાગ પણ પડતા નથી. આ રીતે સૂક્ષ્મક કાળ સમય છે અને આવા સૂક્ષ્મ કાળ ની અંદર આ જે પુદ્ગલ પરમાણુ છે, એ નીચેના છેડાથી લઈ રાજલોકના ઉપરના છેડા સુધી પહોંચી જાય છે. એ રીતે આ મન પણ પૌદ્ગલિક છે એટલે આ મન પણ ઘડીના છઠ્ઠા ભાગમાં કહીએ છીએ પણ આજની વિજ્ઞાનની પરિભાષામાં કહીએ તો ફ્રેકશન સેકન્ડમાં જૈન પરિભાષામાં કહીએ તો ફક્ત એક જ સમયની અંદર મન નીચેના છેડાથી લઈને ઉપરના છેડા સુધી પહોંચી જાય છે. આ મનની જે ગતિ છે અત્યંત તીવ્ર ગતિ છે. અત્યંત તીવ્ર ગતિ હોવાની સાથે એની જે ફ્રિકવન્સી છે એ પણ કલ્પનાતીત હોય છે એટલે માનસ જાપની અંદર સૌથી વધુ શક્તિ રહેલી હોય છે કારણકે માનસ જાપ ની અંદર મન જોડાવું જોઈએ. આ બંને જાપ કરતાં માનસ જાપ સાધ્ય છે વધુ કષ્ટ સાધ્ય છે અને માનવ જાપ જેને સિદ્ધ થાય એ એના માટે કોઈપણ કાર્ય અશક્ય રહેતું નથી અને કોઈપણ સિદ્ધિ અશક્ય રહેતી નથી. એને બધા જ પ્રકારની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. પણ માનસ જાપ એક કષ્ટ સાધ્ય છે.

મંત્ર વિજ્ઞાનમાં પરંપરા આમનાયનું વિશિષ્ટ મહત્વ છે. આમનાય એટલે ગુરુ પાસેથી મળેલી વિધિ હસ્તલિખિત પ્રતો મળતા મંત્ર સંબંધી ઘણી મળે છે પણ એમાં બતાવેલી વિધિ પ્રમાણે કરવાથી કોઈક વખત ફળ મળતું નથી મંત્ર કે યંત્રનું. એ મંત્ર કે યંત્રની પરંપરામાં જે ગુરુ છે જેને આ પરંપરા નો અનુભવ છે અને એને પોતાના ગુરુ તરફથી વારસામાં આ બધી સિદ્ધિઓ મળેલી છે એવા જે ગુરુ છે એ એ ગુરુ જ જે વિધિ બતાવે એ વિધિ સંપન્ન હોય છે, સંપૂર્ણ હોય છે. બાકી ગ્રંથોની અંદર હસ્તલેખિત ગ્રંથોની અંદર કે છાપેલા પુસ્તકોની અંદર જે વિધિ બતાવવામાં આવેલી હોય એમાં કોઈક એક સ્ટેપ વચ્ચે ગુપ્ત રાખેલું હોય છે અને આ જે ગુપ્ત રાખેલું સ્ટેપ હોય છે એ સ્ટેપ ગુરુ યોગી કે યોગ્ય વ્યક્તિ હોય એને જ ખબર હોય છે. એમણે વિધિ આખી લખી રાખી હોય પોતાની પ્રતઃ પોથી ની અંદર પણ એની અંદર એક વસ્તુ એક વસ્તુ ગુપ્ત રાખી હોય અથવા તો સાંકેતિક રાખી હોય. એ જે શબ્દ છે એ સાંકેતિક હોય એ શબ્દનો મંત્ર વિજ્ઞાન ની અંદર એ દ્રષ્ટિએ એનો કયો અર્થ થાય છે એ માત્ર એ ગુરુને

જ ખબર હોય છે. આવા એ સાંકત સાંકેતિક શબ્દને નું જ્ઞાન ન હોય અથવા તો ગુરુ પરંપરાથી આમનાય એ ન મળ્યો હોય તો એ મંત્ર જાપ કરવાથી કે સાધના કરવાથી એનું જે ઇચ્છિત ફળ છે એ પ્રાપ્ત થતું નથી એટલે કે મંત્ર સિદ્ધિની સંભાવના બહુ ઓછી હોય છે. પરંપરાને ન જાણનાર ઘણી બધી ભૂલો કરે છે.

આ સાથેનું યંત્ર જૈન પરંપરાનું લબ્ધિ. લબ્ધિ યંત્ર છે અહીં જે ફોટોગ્રાફ આપવામાં આવ્યો છે એ ઇંગ્લેન્ડથી પ્રકાશિત થયેલ હેમ્સ હરસન નામનો પબ્લિશર છે. એણે યંત્ર નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. એ પુસ્તકની અંદર ઘણા બધા યંત્રો અને એનું મહત્વ બતાવવામાં આવ્યું છે. એ પુસ્તક અંગ્રેજી ભાષામાં છે પણ પણ એ પુસ્તકની અંદર હિંદુ પરંપરા વૈદિક પરંપરાના ઘણા બધા યંત્રો બતાવવામાં આવ્યા છે અને એમાં પણ ખાસ કરીને શ્રી યંત્રનું વિશેષ મહત્વ બતાવવામાં આવ્યું છે. આ યંત્ર પુસ્તકમાં ફક્ત બે યંત્રો જૈન પરંપરાના છે એમાનું આ એક યંત્ર છે લબ્ધિ. અને કોઈ વિશિષ્ટ પ્રયોજનથી કોઈ ખાસ વ્યક્તિ માટે આ પ્રકારનું યંત્ર બનાવવામાં આવ્યું છે અને જેના માટે બનાવવામાં આવ્યું છે એ વ્યક્તિનું નામ અહીં વચ્ચે લખવામાં આવે છે. આવી પ્રાચીન કાળની પરંપરા હતી કે ભોજપત્ર ઉપર વિશિષ્ટ દ્રવ્ય પર થી યંત્ર બનાવવામાં આવે લખવામાં આવે ત્યારે જે વ્યક્તિ માટે બનાવવાનું હોય એ વ્યક્તિનું નામ એમાં વચ્ચે લખવામાં આવે છે. પછી એ વ્યક્તિ માટે એ એને સમર્પણ કરવામાં આવે અને એ વ્યક્તિ એ યંત્રને ધારણ કરે અને એ ધારણ કરે એના જે અશુભ કર્મ છે એ કર્મો આપોઆપ ધીરે ધીરે ઓછા થવા લાગે છે. આ જે લબ્ધી યંત્ર છે એ કોઈક વ્યક્તિ માટે બનાવવામાં આવેલ છે યંત્રની અધવચ્ચે વચ્ચે કલ્યાણદાસ નામ લખ્યું છે. એ વ્યક્તિને માટે એટલે કલ્યાણદાસ નામની જે વ્યક્તિ છે એની માટે આ યંત્ર બનાવવામાં આવ્યું હશે. પણ આ પુસ્તકના સંપાદક છે લેખક છે એ અજૈન છે પણ ભારતનો છે અને વૈદિક પરંપરાના છે. એને આ યંત્રનું શું મહત્વ છે એ એને ખબર નથી એટલે એને વચ્ચે જે નામ લખેલ છે કલ્યાણદાસ વચ્ચે અર્હમ જેવું લખેલું છે વચ્ચે કલ્યાણ અને નીચે દા અને સ લખેલ છે અને સંપાદકે આ યંત્રને વ્યક્તિના નામ પ્રમાણે કલ્યાણ ચક્ર એવું નામ આપેલ છે, જે યોગ્ય નથી.

બીજી આ યંત્રની વિશેષતા એ છે કે સિદ્ધચક્ર ભગવાનના પૂજન ની અંદર જે 48 લબ્ધિ પદો આવે છે એ ૪૮ સુધી પદો આમાં લખવામાં આવ્યા છે પણ એ ઉલટા ક્રમે લખ્યા છે.

સૌથી મહત્વની વાત છે નવકાર મહામંત્રનું પ્રભાવ. એસ્ટ્રોલોજી ની અંદર નવ ગ્રહો છે એ નવ ગ્રહોની અસર અશુભ અસર છે એને દૂર કરવા માટે નમસ્કાર મહામંત્ર નો જાપ કરવાનું કહેવામાં આવે છે. યાકીની મહતરા અને ભગવાન હરિભદ્ર સુરી ના ગ્રહશાંતિ સ્વસ્થ સ્તોત્ર ની અંદર એમાં બતાવ્યું છે. ભદ્રબાહુ સ્વામી એ નવમું જે પૂર્વ છે એમાંથી આ ઉધૃત કરેલ છે. નમસ્કાર મહામંત્રનો દરરોજ કોઈ 108 વાર જાપ કરે તો એને કોઈ પણ પ્રકારના ગ્રહો નડતા નથી. એવું 14 પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામી એ ગ્રહશાંતિ સ્તોત્રમાં કહ્યું છે આ પ્રકારે ગ્રહશાંતિ સ્તોત્રમાં જુદા જુદા ગ્રહોની શાંતિ માટે જુદા જુદા તીર્થંકર પરમાત્માનો જાપ કરવાનું કહેવામાં આવ્યું છે. સૂર્ય માટે શ્રી પદ્મપ્રભસ્વામી અહીં ખાસ સ્પષ્ટતા એ કરવાની છે કે પદ્મપ્રભસ્વામી જે છે ચંદ્ર માટે શ્રી ચંદ્રપ્રભુ સ્વામી મંગળ માટે શ્રી વાસુ પૂજ્ય સ્વામી બૂધ માટે શ્રી વિમળનાથ આદિ ગુરુ માટે શ્રી આદિનાથ વગેરે શુક્ર માટે શ્રી સુવિધિ  શનિ માટે શ્રી મુનિ સુવ્રત સ્વામી રાહુ માટે નેમીનાથ કેતુ માટે  મલ્લીનાથ તથા શ્રી પાર્શ્વનાથ નો જાપ કરવાનું કહેવામાં આવ્યું છે.

પરમાત્મા ના જાપની અંદર છે કોઈક ને કોઈક ગ્રહને અશુભ અસર દૂર કરવાની શક્તિ રહેલી છે અને નમસ્કાર મહામંત્ર માં એ જ પ્રમાણે નવી ગ્રહો ની અશુભ અસરો દૂર કરવા ની શક્તિ રહેલી છે. ચંદ્ર અને શુક્ર માટે નમો અરિહંતણાં નો જાપ કરવો, ગુરુ માટે નમો સીદ્ધાનમ પદનો જાપ કરો બુધ માટે નમો  ઉવજાયણમ પદનું જાપ કરવું, શનિ રાહુ અને કેતુ માટે નમો લોય પદ નો જાપ કરો આ રીતે પંચ પરમેષ્ઠી ના જાપની અંદર બધા જ અશુભ ગ્રહોની અશુભ અસરને દૂર કરવાની તાકાત છે. અહીં જે ચિત્ર બતાવવામાં આવ્યું છે એમાં નમસ્કાર મહામંત્ર બતાવવામાં આવ્યો છે અને ઉપર લખવામાં આવ્યું છે 'નવલાખ જપતા નરક નિવારે પામે ભવનો પાર' નવલાખ નવકારનો જૈન પરંપરામાં બહુ વિશિષ્ટ મહત્વ છે. આ નવલાખ નવકાર કઈ રીતે કરવા જોઈએ એની વાત પણ બહુ સાયન્ટિફિક છે. નવલાખ નવકારના જાપ કરવાથી

અજાગ્રત મનમાં આ નવકારના સંસ્કાર પડે છે તે બીજા ભવમાં પણ સાથે આવે છે. સામાન્ય રીતે આપણે જે કઈ વસ્તુ જોઈએ વાંચીએ અનુભવીએ પાંચેય ઇન્દ્રિયો દ્વારા એ બધાની આત્માની અંદર અનકોન્સિયસ માઈન્ડ ની અંદર એના એક સંસ્કાર બને છે એ સંસ્કારને અંગ્રેજી ભાષામાં એનગ્રામ્સ કહેવામાં આવે છે એટલે અન્કોન્સીય્સ માં પડેલા સંસ્કાર. કોન્સીયસ માઈન્ડ કરતા અન કોન્સીયસ માઈન્ડમાં માઈન્ડમાં પડેલા જે સંસ્કાર છે એ વધારે શક્તિશાળી હોય છે. આપણે ઘણીવાર કહેતા હોઈએ છીએ કે મારે આવું બોલવું જોઈતું નહોતું પણ બોલાઈ ગયું મારે આવું કરવું જોઈતું ન હતું પણ કરાઈ ગયું થઈ ગયું આ બોલાઈ ગયું કે જે થઈ ગયું એનો મતલબ શું? એનું કારણ એટલું જ છે કે પૂર્વ ભવની અંદર એ એક પ્રકારનું આચરણ આપણે વારંવાર કર્યું હશે અને વારંવાર કરેલું છે આચરણ છે એ આપણા અનકોન્સીયસમાં પડેલા સંસ્કાર છે એ સંસ્કાર પૂર્વભવ માંથી આ જન્મમાં આ મળ્યા છે. એ સંસ્કારના કારણે આપણાથી કોઈ પણ અકાર્ય આપણે ઈચ્છા ન હોય તો પણ થઈ જાય છે. તો આ રીતે અજાગ્રત મન માં પડેલા સંસ્કાર વધારે શક્તિ શાળી હોય છે અને એ સંસ્કાર બીજાભવ માં પણ સાથે આવે છે. કેવી રીતે સાથે આવીએ છીએ તો જોઈએ મન એટલે માઈન્ડ એ પૌદ્ગલિક મન એ જ્યારે આપણું મૃત્યુ થાય આપણો આત્મા દેહ થી છૂટો પડે અને બીજે ભવમાં જાય ત્યારે એની સાથે મગજ પણ ભસ્મભૂત થઈ જાય છે અને મન પણ રહેતું નથી. જ્યારે આત્મા એકલો જ ભવાંતર કરીને સાથે જાય છે. તો આ ભવ માંથી પડેલા સંસ્કાર છે તો એ બીજા ભાવમાં આવે કેવી રીતે? એ આખો કેવી રીતે ટ્રાન્સફર થાય છે .એની આખી એક પ્રક્રિયા છે એ જોઈએ તો આપણે ટેલીફ્રોન ની વાત કરીએ તો આપણે ટેલીફ્રોન માં જે વાત કરીએ કે જોઈએ એ દ્રશ્ય છે અથવા તો અવાજ છે એ ભાષાના પુદગલ છે અને ભાષાના ધ્વનિના વેગ 330 મીટર પ્રતિ સેકન્ડ હોય છે પણ જ્યારે આપણે ટેલીફ્રોનમાં વાત કરીએ છીએ ત્યારે એનો એના જે પુદગલો છે એનું ઇલેક્ટ્રિક મેગ્નેટિવ વેવ્સ જે છે એમાં રૂપાંતર થાય છે અને એ સેટેલાઈટ પર જાય છે અને ત્યાંથી રિફ્લેક્ટ થઈ આપણે જે નંબર ઉપર ફ્રોન કર્યો હોય ત્યાંના ટાવર એને રિસીવ કરે અને ટાવરથી તેના મોબાઈલ સુધી પહોંચે છે. એટલે એ ઇલેક્ટ્રીક મેગ્નેટિવ વેવ્સ એની સંરચના એને મોબાઇલનું સાધન જે છે એ ગ્રહણ કરે છે પાછું એને રૂપાંતર કરે છે અને ત્યાં એ વ્યક્તિ આપણું અવાજ સાંભળી શકે છે. અને આ જેવું આપણે બોલીએ છીએ

એ સાથે જ પેલી વ્યક્તિ સાંભળી લે છે એટલે એ રીતે જ આ ભાવમાં જે સંસ્કાર પડેલા છે એ અનકોન્ફીયસ માઈન્ડમાં એ આપણા કારમણ શરીરમાં એ બધા સંસ્કારો સંગ્રહિત થાય છે અને જ્યારે જીવ એક ભવ છોડીને બીજા ભાવમાં જાય છે ત્યારે તેજસ અને કારમણ શરીર બે શરીર સાથે લઈને જાય છે. આ રીતે કારમણ  પણ શરીરની અંદર એ સંસ્કાર એક જાતનું સ્ટોર હાઉસ છે. એમાં એનો બધો સંગ્રહ થાય છે અને એ સંગ્રહ બીજા ભવમાં એવા પ્રકારના સંયોગો ઉભા થાય છે ત્યારે એ જાગ્રત થાય છે. ત્યાં એને જ્યારે મન મળે છે કારમન શરીરમાં રહેલા એ સંસ્કાર આવે છે મનમાંથી મગજમાં એ સંસ્કાર આવે છે અને પછી એનો વિચાર આવે છે તો આ રીતે એનું સંસ્કાર આ ભવમાંથી પછીના ભવમાં જાય છે સાથે આવે છે. અજાગત મનની અંદર નવકારના સંસ્કાર હોય તો એ બીજા ભવમાં પણ સાથે જાય છે.

નિયમ લીધા વગર નવલાખ નવકાર પૂરા ન થાય તો તે પૂરા કરવા પછીનો ભવ મનુષ્યનો મળે જૈન કુળમાં જન્મ મળે અને દેવગુરુ ધર્મ ઉપર શ્રદ્ધા પેદા થાય એટલે કે નવલાખ નવકારનો જે નિયમ લે નિયમ ભલે એક લે પણ એના ફાયદા ત્રણ પ્રકારના થાય છે.  નવલાખ નવકાર નો નિયમ લઈએ અને કોઈ સંજોગોમાં ના થાય તો પણ એને નવલાખ નવકાર ગણવાનું પુણ્ય મળે છે પણ નવલાખ નવકારના સંસ્કારો આપણા અનકોન્સિયસ માઈન્ડમાં પણ પડે છે અને એ પડેલા હોય તો આવતા ભવમાં એ પૂરા કરવા માટે ચાન્સ મળે છે એ ચાન્સ ક્યારે મળે? જો આવતો ભવ મનુષ્ય મળે તો અને એ મનુષ્યમાં પણ જો પાછો જૈન કુળમાં જન્મ મળે તો અને જૈન ધર્મમાં પણ દેવ ગુરુ ધર્મ ઉપર શ્રદ્ધા પેદા થાય તો નિયમ એક લેવા મા આવે પણ પણ એના આપણને ત્રણ પ્રકારના ફાયદા થાય છે. આ પ્રકારે નવ લાખ નવકારનો નિયમ અવશ્ય લેવો જોઈએ. નવલાખ નવકાર ના નિયમને અમે lic ની પોલીસી સાથે સરખાવીએ છીએ. એલ.આઇ.સી માં ઉંમર પ્રમાણે એજન્ટ વીમો ઉતારે. 45 વરસની વ્યક્તિ હોય એને રોજ એક નવકારની માળા ગણવી જોઈએ. 60 વર્ષની વ્યક્તિ હોય એને રોજની બે માળા ગણવાની. 60 થી 65 વર્ષની ઉંમર હોય એણે ત્રણ માળા ગણવાની અને 65 થી 70 વર્ષ હોય એને રોજની ચાર માળા ગણવાની અને 70 ની ઉપર હોય એને રોજની પાંચ માળા ગણવાની. જે એક માળા ગણી એને 25 વર્ષે નવકારની 9 લાખ નવકાર

પૂરા થાય અને જે 12 જે બે માળા ગણે છે એને 12 વર્ષે નવલાખ પૂરા થાય જે ત્રણ માળા ગણે છે વરસે નવકાર પૂરા થાય છે આ રીતે 9 લાખ નવકાર નો નિયમ એ આપણા માટે મોક્ષનું સાધન છે બની શકે એમ છે.

મંત્રનો જે ધ્વનિ છે એ એનું યંત્રમાં રૂપાંતર. મંત્રના ધ્વનિનો ગ્રાફિક જે આકૃતિ માં રૂપાંતર એ આ યંત્ર છે. એ અહીં પ્રેક્ટિકલી બતાવવામાં આવ્યું છે. આ શ્રી યંત્ર છે. આ કોઈ ધાતુ કે કાગળ ઉપર દોરેલું નથી ઓસીલોસ્કોપ એ ટોનોસટોપ જેવા યંત્ર એનો જે માઈક છે એમાં શ્રી સૂક્ત બોલવામાં આવે અને એનો જે ધ્વનિ પડ્યો એનું આકૃતિમાં રૂપાંતર થયેલું અહીં બતાવવામાં આવેલ છે. આ પ્રયોગ રોનાલ્ડ નામેથ નામના વૈજ્ઞાનિકે કરેલ છે. બ્રિટનથી આ પુસ્તક પ્રકાશિત થયેલ છે. મંત્રના ધ્વનિ નું યંત્ર માં રૂપાંતર થાય છે એટલે કે મંત્ર અને યંત્રને એકબીજા સાથે સંકળાયેલા છે.

મંત્રના જે અક્ષરો રહેલા છે એ શક્ય અક્ષરોમાં પણ શક્તિ રહેલી છે. જે રીતે મંત્રના ધ્વનિમાં વિશિષ્ટ શક્તિ હોય છે એ રીતે મંત્રના લખેલા અક્ષરોમાં પણ વિશિષ્ટ શક્તિ હોય છે અને તે અત્યારના આધુનિક મશીનો દ્વારા તેનું પરીક્ષણ પણ થઈ શકે છે. કોઈપણ વસ્તુમાં પોઝિટિવ શક્તિ છે કે નેગેટિવ શક્તિ છે તેની પરીક્ષા પણ કરી શકાય છે. તે જ મશીન દ્વારા વિવિધ પ્રકારના યંત્ર અને મંત્રોની શક્તિ પણ જાણી શકાય છે. મંત્ર માટે દેવનાગરી લિપિ, સંસ્કૃત પ્રાકૃત ભાષા શ્રેષ્ઠ છે. તેમાં પણ પ્રાકૃત સૌથી વધુ ઉચિત છે એટલે આ રીતે મંત્ર મોટેભાગે સંસ્કૃત પ્રાકૃત અર્ધમાગધિ  અને દેવનાગરી ભાષામાં જ હોય છે ક્યારેક બ્રાહ્મી  લિપિમાં પણ આવા પ્રકારના મંત્રો મળે છે. લીપી એ મંત્ર સાધના માટેનું બહુ મહત્વનું સાધન છે કારણ કે એની અંદર વિશિષ્ટ પ્રકારની શક્તિ રહેલી હોય છે.

JAIN SAHITYA ACADEMY TRUST